૪

જાતિ પરિવર્તન પામેલા (ટ્રાન્સજેન્ડર) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.-૧૯/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૧/૪/૨૦૧૫.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૩૧/૧/૨૦૧૫નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા.-૧૪-૧૫/૧૮.

## ઠરાવ :-

જાતિ પરિવર્તન પામેલા (ટ્રાન્સજેન્ડર) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે ભારત સરકાર ધ્વારા ૭૫:૨૫ ના ધોરણે કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના અમલમાં મૂકવામાં આવેલ છે, અને તેનો અમલ કરવા માટે રાજ્ય સરકારોને સૂચના આપવામાં આવેલ છે. તેના સંદર્ભમાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીએ ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/- જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે ઉપર પેરા-(૧) માં દર્શાવ્યા મુજબની જાતિ પરિવર્તન પામેલા (ટ્રાન્સજેન્ડર) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટેની રૂ.૨૯,૫૦,૦૦૦/-ની દરખાસ્તને નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

| ક્રમ | વિગત | લાભાર્થી | શિષ્યવૃત્તિ ડે સ્કોલર | શિષ્યવૃત્તિ હોસ્ટેલર | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રિ-મેટ્રીક ધોરણ- ૭ થી ૧૦ | ૨૦૦ | રૂ.૧૫૦/- | - | ૩,૦૦,૦૦૦ |
| | | ૧૦૦ | - | રૂ.૩૫૦/- | ૩,૫૦,૦૦૦ |
| ૨ | પોસ્ટ મેટ્રીક – ભારતમાં માન્ય સંસ્થાઓમાં તમામ પ્રકારના મેટ્રીક્યુલેશન પછીના કે માધ્યમિક શિક્ષણ પછીના તમામ માન્ય અભ્યાસક્રમો | ૨૦૦ | રૂ.૫૫૦/- | - | ૧૧,૦૦,૦૦૦ |
| | | ૧૦૦ | - | રૂ.૧૨૦૦/- | ૧૨,૦૦,૦૦૦ |
| | સરવાળો | | - | - | ૨૯,૫૦,૦૦૦ |

આ કેન્દ્ર પુરસ્કૃત યોજના હોઈ ૭૫:૨૫ મુજબ કુલ રકમ રૂ.૨૯,૫૦,૦૦૦ પૈકી ૭૫% લેખે રૂ.૨૨,૧૨,૦૦૦ ભારત સરકારે અને ૨૫% લેખે રૂ.૭,૩૮,૦૦૦ રાજ્ય સરકારે ભોગવવાના રહેશે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયને રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના અન્વયે ભારત સરકાર તરફથી જો કોઈ ફાળા રકમ મેળવવાની થતી હોય તો તે મેળવવા અંગેની કાર્યવાહી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ હાથ ધરવાની રહેશે, અને તે પ્રમાણે બજેટમાં જોગવાઈ કરાવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૬/૨૦૧૪ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એલ.ભગોરા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ. સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અ.મુ. સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિ.શ્રી, ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત )

(૬) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૯) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૧૦) સર્વે શાખાઓ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૧) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૨) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા. # # # # # # #